`

રજુ તારીખ	:	૨૦/૦૪/૨૦૨૬		
દાખલ તારીખ	:	૨૦/૦૪/૨૦૨૬		
ફૈંસલ તારીખ	:	૨૦/૦૬/૨૦૨૬		
અવધિ	:	વર્ષ	માસ	દિવસ

==

જુનાગઢનાં મહેરબાન સેશન્સ જજશ્રીની અદાલતમાં,
મુંઃ જુનાગઢ

==

ક્રિમિનલ અપીલ નંબર :– ૬૬/૨૦૨૬

આંક –

અરજદાર :–

જયસુખભાઈ મનજીભાઈ કાચા
ઉ.વ.આ. ૬૫, ધંધો–હાલ નિવૃત્ત
રહે. મું ઘંટીયા, તા. વંથલી
જી. જુનાગઢ. ::::::::::::::::–**વિવાદી**

(મુળ આરોપી)

વિરુધ્ધ

સામાવાળા :–

(૧) રમેશભાઇ ગોપાલભાઇ ટાંક,
ઉ.વ.૬૦, ધંધો–વેપાર,
રહે. પ્લોટ નં.૨, સ્નેહલ પાર્ક, સતનામ ઓટા પાછળ,
ટીંબાવાડી બાયપાસ,
જુનાગઢ

(૨) સ્ટેટ ઓફ ગુજરાત,
નોટીસ થ્રુ : ગર્વનમેન્ટ પ્લીડર,
મુ. જૂનાગઢ. ::::::::::::::::–**પ્રતિવિવાદી**

(મુળ ફરીયાદી)

અપીલ : ક્રિ.પ્રો.કોડની કલમ–૩૭૪ મુજબ ફોજદારી કેસ નં.૪૨૦૫/૨૦૨૪ ના કામે તા. ૨૪–૦૩–૨૦૨૬ ના રોજ થયેલ સજાના હુકમ સામે અપીલ

વિવાદી તરફે વિ. વકીલ શ્રી કે.ડી.ઓડેદરા.
સામાવાળા નં.૧/ ફરીયાદી તરફે વિ.વકીલ શ્રી કે.જે.ગોસ્વામી
સામાવાળા નં.૨/સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રી એ.એમ.પારેખ

:: ઠ રા વ ::

(૧) આ કામમાં સરળતા ખાતર પક્ષકારોને મુળ કેસમાં જે રીતે ફરીયાદી કે આરોપી હતાં તે રીતે ઉલ્લેખવામાં આવેલ છે.

(૨) **ફરીયાદપક્ષની હકીકત :–**

ફરીયાદની હકીકત નીચે મુજબ છે.

''**૨.૧** આ અમો ફરીયાદી ઉપરોક્ત દર્શાવ્યા સરનામે રહીએ છીએ અને ખેતીકામ કરી અમો તથા પરીવારનુ ગુજરાન ચલાવીએ છીએ તેમજ અમો ફરીયાદી તથા આરોપી એક જ જ્ઞાતીના છીએ અને એકબીજાને છેલ્લા ઘણા સમયથી સારી રીતે ઓળખીએ છીએ જેથી અમો અને આરોપી વચ્ચે જ્ઞાતી ભાઈ તરીકે સારી મિત્રતાના સબંધો હોય જેથી આરોપી અવાર–નવાર પરીવાર સાથે અમોના ઘરે આવતા જેથી પારીવારીક સબંધો બંધાયેલ.

૨.૨ દરમ્યાન આરોપીએ અમોને ફોન કરી જણાવેલ કે તેઓએ ખેતીની જમીન ઉપર બેન્કમાંથી કે.સી.સી. લોન (પાક ધિરાણ) લીધેલ છે અને તે સરકારશ્રીની યોજના મુજબ વર્ષ પુર્ણ થયે બેંકમાં પુરી રકમ ભરપાઈ કરવાની હોય છે અને જો તે રકમ ભરપાઇ કરવામાં ના આવે તો તે લોન ઉપર વધુ વ્યાજ ભરવુ પડે અને તે લોનની રકમ ભરપાઈ કરવા માટે તેઓ પાસે હાલ રકમની સગવડતા ના હોય જેથી તે લોન ભરપાઈ કરવા માટે રૂ.૨,૦૦,૦૦૦/– અંકે રૂપીયા બે લાખ પુરાની જરૂર પડતા આ કામના આરોપીએ અમોને ઉપરોક્ત રકમની બે માસ માટે જરૂર છે અને બે માસમાં સદરહુ રકમ પરત આપી જઈશ તેવી વિશ્વાસ સાથે ખાત્રી આપતા અમોએ આરોપી સાથેના સારી મિત્રતા અને પારીવારીક સબંધો હોય જેથી તેની ઉપર અતુટ વિશ્વાસ હોય જેથી અમો પાસે રહેલ અમોની સેવિંગ્સની રકમ રૂપીયા બે લાખ આરોપીના ઘંટીયા મુકામે ઉપરોક્ત સ્થળે આવેલા ઘરે ગઈ તા.૧૦/૦૪/૨૦૨૪ નારોજ રૂ.૨,૦૦,૦૦૦/– અંકે રૂપીયા બે લાખ પુરા વગર વ્યાજે હાથ ઉછીના રોકડા આપેલા ત્યારે આરોપીએ અમોને જણાવેલ કે સદરહું રકમ હું તમોને બે માસમાં એટલે કે તા.૧૦/૦૬/૨૦૨૪ નારોજ પરત આપી દઈશ તેવી વચન અને વિશ્વાસ સાથે ખાત્રી આપેલ.

૨.3 સદરહુ આરોપીએ અમો પાસેથી ઉપરોક્ત વિગતે મેળવેલ હાથ–ઉછીની રકમ રૂ.૨,૦૦,૦૦૦/– અંકે રૂપીયા બે લાખ પુરા તા.૧૦/૦૬/૨૦૨૪ નારોજ અમોને ચુકવી આપશે તેવી ખાત્રી આપેલી પરંતુ આરોપીએ અમોને આપેલ નિયત સમય મર્યાદામાં રકમ

પરત કરેલ ન હોય જેથી અમોએ આરોપીનો સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે અમો ચાર–પાંચ દિવસમાં એક પેમેન્ટ આવે તેમ છે તે આવી જાય એટલે તમોને સદરે રકમ પરત કરી આપીશું તેવી ખાત્રી આપેલ તે સમય મર્યાદામાં પણ આરોપી એ અમોએ તેઓને આપેલ સદર હાથ ઉછીની રકમ પરત ન કરતા અમોએ ફરીથી આરોપીનો સંપર્ક કરેલ અને આરોપીના ઘંટીયા મુકામે ઘરે તા.૨૦/૦૬/૨૦૨૪ નારોજ રૂબરૂ ગયેલા ત્યારે આરોપીએ જણાવેલ કે અમારે જે પેમેન્ટ આવવાનું હતુ તે અમોના ખાતામાં આવી ગયું છે જેથી તમોની લેણી રકમ પરત મેળવવા તમોને ચેક આપુ છુ જે તમો તમોના ખાતામાં જમા કરાવશો એટલે તમોની રકમ તમોને મળી જશે.

૨.૪ અમો આરોપીના ઘરે ગયેલા ત્યારે તેઓએ અમોને વિશ્વાસ અને ખાત્રી પુર્વક રૂ.૨,૦૦,૦૦૦/– અંકે રૂપીયા બે લાખ પુરાનો Saurashtra Gramin Bank ની Vanthali(Sorath) શાખાના તેઓના Account Number 78018428030 વાળા ખાતાના ચેક નંબર 009413 વાળો ચેક તા.૨૧/૦૬/૨૦૨૪ નારોજનો અમો રમેશભાઈ ગોપાલભાઈ ટાંકના નામનો આપેલ અને કહેલ કે અમોના ખાતામાં પેમેન્ટ જે આવવાનુ હતુ તે આવી ગયું છે જેથી તેમાં પુરતુ બેલેન્સ છે અને સદરહું ચેક તમો તમોના બેન્ક ખાતામાં જમા કરાવશો એટલે અમોએ તમો પાસેથી મેળવેલ હાથ–ઉછીની તમામ રકમ તમોને પરત મળી જશે તેવી વિશ્વાસ સાથે ખાત્રી આપેલ.

૨.૫ સદરહુ અમોની ઉપરોક્ત વિગતેની આરોપીને આપેલ હાથ–ઉછીની રકમ પરત મેળવવા માટે આરોપીના જણાવ્યા અનુસાર ઉપરોક્ત ચેક બેન્કમાં જમા કરાવ્યેથી હાથ–ઉછીની લેણી રકમ પરત મળી જશે તેવી ખાત્રી આરોપીએ અમોને આપેલ હોય જેના ઉપર વિશ્વાસ રાખી અમોએ સદરહુ ચેક અમોના HDFC Bank–Junagadh શાખાના ખાતામાં રકમ મેળવવા માટે જમા કરાવતા "funds Insufficient" ના શેરા સાથે ચેક રીટર્ન થયેલ અને રકમ મળેલ નહી અને સદરહુ ચેક બાઉન્સ થયેલ તે બાબતેનું પ્રમાણપત્ર અમોને તા.૨૪/૦૬/૨૦૨૪ નારોજ HDFC Bank તરફથી "funds Insufficient" ના શેરા સાથે અપાયેલ જેની જાણ અમોએ આરોપીને કરતા અને અમોએ તેઓને આપેલ હાથ–ઉછીની રકમ પરત કરવા અવાર–નવાર માંગણી કરતા ગલ્લા–તલ્લા કરતા અને આજસુધી તે રકમ ચુકવેલ નથી જેથી આ કામના આરોપીએ અમો ફરીયાદીને આપેલ વિશ્વાસ અને ખાત્રીનો ભંગ કરેલ છે.

૨.૬ આરોપીએ આપેલ ઉપરોક્ત ચેક રીટર્ન થતા અમો ફરીયાદીએ અમોના વકીલશ્રી દિપકકુમાર એચ. ભટ્ટી મારફત ગઈ તા.૦૪/૦૭/૨૦૨૪ નારોજની આરોપીને અમો ફરીયાદીની કાયદેસરની લેણી રકમ રૂ.૨,૦૦,૦૦૦/– અંકે રૂપીયા બે લાખ પુરા દિન–૧૫ માં ચુકવી આપવા અંગેની નોટીસ Indian Postal Service રજી.એ.ડી. પોસ્ટ મારફતે

ગઈ તા.૦૬/૦૭/૨૦૨૪ નારોજ મોકલેલ જે નોટીસ આરોપીને Indian Postal Service Department Track Consignment રીપોર્ટ મુજબ ગઈ તા.૦૮/૦૭/૨૦૨૪ નારોજ મળી ગયેલ છે. આમ, આરોપીને નોટીસ મળી જવા છતા અને નોટીસની સંપુર્ણ વિગત જાણતા હોય આમ છતા નોટીસ સમય પુરો થતા સુધીમાં ચેક મુજબની કે કોઈ રકમ અમો ફરીયાદીને આરોપીએ ચુકવેલ નથી કે અમોએ આપેલ નોટીસનો કોઈ જવાબ પણ આપેલ નથી જેથી, હાલની ફરીયાદ કરવાનું કારણ ઉપસ્થીત થયેલ છે તેમજ હાલની ફરીયાદ મુદ્દતમાં દાખલ કરેલ છે તેમજ ચેકનો રીટર્ન મેમો HDFC Bank–Junagadh શાખા તરફથી અપાયેલ હોય જેથી, હાલની ફરીયાદ ચલાવવા આપ નામદાર અદાલતને હકુમત છે.

૨.૭ સદરહુ રકમ આરોપી પાસે અમોની ઉપરોક્ત દર્શાવ્યા મુજબ અમોએ આરોપીને ઉપરોક્ત મુજબની જરૂરીયાત માટે વગર વ્યાજે આપેલ હાથ ઉછીની રકમ લેણી હોય તેમજ અમોનો આરોપીએ વિશ્વાસ કેળવેલો અને આરોપીએ અમોને વિશ્વાસ સાથે ખાત્રી આપી જેથી, અમોએ આરોપી સાથેના અંગત મિત્રતા અને પારીવારીક સબંધના કારણે રૂ.૨,૦૦,૦૦૦/– અંકે રૂપીયા બે લાખ પુરા આરોપીને આપેલ પરંતુ આરોપીનો ઈરાદો પ્રથમથી જ અમો સાથે સંબધો કેળવી વિશ્વાસમાં લઈ અને સબંધનો દુર ઉપયોગ કરી છળકપટ પુર્વક છેતરપીંડી કરી વિશ્વાસઘાત કરી અમોએ આરોપીની જરૂરીયાત મુજબ વગર વ્યાજે આપેલ હાથ ઉછીની રકમ ઓળવી જવાનો ઈરાદો હોય તેવુ માનવાને પુરતુ કારણ છે.’’

(૩) ટ્રાયલ કોર્ટે હાથ ધરેલી પ્રક્રિયાઃ–

રેકર્ડ જોતાં વિ. નવમા એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ફ.ક.શ્રી–જૂનાગઢનાએ આરોપી સામે સી.આર.પી.સી.ની કલમ–૨૦૪ હેઠળ ઊપર ચર્ચા કર્યા મુજબનાં ગુન્હાનું કોગ્નીઝન્સ લીધા બાદ સમન્સ કાઢયાનું અને ત્યારબાદ આરોપીને સી.આર.પી.સી. ની કલમ–૨૦૭ હેઠળ જરૂરી દસ્તાવેજોની નકલો પુરી પાડયાનું જણાય આવે છે અને આરોપીની પ્લી લીધા બાદ આરોપીએ ગુનો કબુલ ન કરતાં, આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી હાથ ધરેલી છે અને રેકર્ડ જોતાં નીચે મુજબનાં પુરાવા નીચેની અદાલતે રેકર્ડ કરેલાં છે.

(૩.૧) મૌખિક પુરાવા :

ક્રમ	સાહેદ	આંક
(૧)	ફરિયાદી રમેશભાઈ ગોપાલભાઈ ટાંકના પુરાવાનું	૦૫

	સોગંદનામુ.	

(૩.૨) <u>દસ્તાવેજી પુરાવોઃ-</u>

ક્રમ	વિગત	આંક
(૧)	આરોપીએ ફરીયાદીને આપેલ વાદગ્રસ્ત ચેક નં. ૦૦૯૪૧૩	૧૬
(૨)	સદર ચેક પરત ફર્યાની જાણ કરતો એચ.ડી.એફ.સી.નો રીટર્ન મેમો.	૧૭
(૩)	ફરીયાદીએ આરોપીને વકીલશ્રી મારફત આપેલ નોટિસ	૧૮
(૪)	ફરીયાદીએ આરોપીને નોટીસ કર્યાની વીન્ડો સ્લીપ.	૧૯
(૫)	સદર નોટીસ આરોપીને બજી ગયાની પોસ્ટલ એકનોલેજમેન્ટ સ્લીપ.	૨૦
(૬)	પોસ્ટલ ડીપાર્ટમેન્ટનો ટ્રેક કન્સાઈનમેન્ટ રીપોર્ટ	૨૧
(૭)	આરોપીના આધારકાર્ડની નકલ	૨૨
(૮)	ફરીયાદીના બેન્ક ખાતાનું સ્ટેટમેન્ટ	૨૬

(૩.૩) રેકર્ડ જોતાં આરોપીનું વધારાનું નિવેદન સી.આર.પી.સી.ની ક.૩૧૩ હેઠળ નોંધ્યા બાદ તેઓ બચાવના સાહેદ તપાસવા માંગતા નથી અને સોગંદ ઉપર પુરાવો આપવો નથી તેમ જણાવેલ છે.

ત્યારબાદ ફરીયાદીના વિ.વ.શ્રીની તથા આરોપીના વિ.વ.શ્રીઓની દલીલો સાંભળ્યા બાદ ટ્રાયલ અદાલતે નીચે મુજબનો હુકમ કરેલ છે.

<u>"-:: આખરી હુકમ ::-</u>

(૧) આ કામના આરોપી જયસુખભાઇ મનજીભાઈ કાચા ને ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ ૧૩૮ મુજબના ગુના સબબ એક વર્ષ ની સાદી કેદ ની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીને આંક ૧૬ ના ચેક ની રકમ રૂ. ૨,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પૂરા નો દંડ કરવામાં આવે છે અને તે દંડ ની રકમ ફરિયાદીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૩૯૫(૧)(ખ) મુજબ, વળતર પેટે ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ની રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય તો આરોપીને વધુ ૨ (બે) માસ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે. આ કામે

આરોપીએ જો કોઈ કેદ ની સજા ભોગવેલ હોય તો તે મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપી ને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ ૪૦૪(૧) મુજબ આ હુકમ ની પ્રમાણિત નકલ તાત્કાલિક વિના મૂલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપીઓ ના જામીનખત આથી રદ્દ કરવામાં આવે છે.''

ઊપરોકત હુકમથી નારાજ થઈ આરોપી જયસુખભાઇ મનજીભાઇ કાચાએ સીઆર.પી.સી.ની કલમ–૩૭૪ હેઠળ અપીલ અદાલત રૂબરૂ અપીલ કરેલ છે.

(૪) અપીલની હકિકતઃ –

અપીલ મેમોમાં એપેલન્ટ/અરજદાર તરફે મુખ્યત્વે એવી હકિકત જણાવેલ છે કે,

'' **૪.૧** નામદાર નીચેની કોર્ટે વાદગ્રસ્ત હુકમ કરવામાં કાયદાની ગંભીર ભુલ કરેલ છે.

૪.૨ નામદાર નીચેની કોર્ટે આંક– ૫ થી રજુ થયેલ રીસ્પોન્ડન્ટ (મુળ ફરીયાદી) ની જુબાનીનુ ભારતીય પુરાવાના કાયદાની જોગવાઈ મુજબ સરતપાસ તથા ઉલટ તપાસ બન્ને પુરાવા મુજબના પુરાવાનુ મુલ્યાંકન કર્યા વગર એપેલન્ટને સજા કરેલ છે.

૪.૩ ફરીયાદી એ ફરીયાદમા જણાવેલ છે કે આરોપી સાથે પારીવારીક સંબંધો બંધાયેલ હોવાની હકીકત જણાવેલ છે. જયારે ઉલટ મા કબુલ કરેલ છે કે તેઓ (જયસુખભાઈ) ના દિકરાના લગ્ન મા ગયેલ નથી તેમજ આરોપીના પીતાનુ અવશાન થયેલ ત્યારે ગયેલા નથી જે હકીકત ધ્યાને લેતા ફરીયાદીને આરોપી સાથે કોઈપણ પ્રકારનો સારા નરશા પ્રસંગોમા આવવા જવાનો સંબધ નહી હોવાનુ સાબીત થયેલ છે. આમ ફરીયાદી તેઓની ઉલટ તપાસમા આરોપી સાથે સારા સંબધો હોવાની હકીકત ખોટી જણાવે છે. જે નામદાર નીચેની કોર્ટે ધ્યાને લીધેલ નથી.

૪.૪ ફરીયાદી તેઓની ઉલટ તપાસમા કબુલ કરેલ છે કે આરોપી ની ખેતીની જમીન કયા ગામે આવેલ છે તે હકીકત સોગંદનામામા જણાવેલ નથી. તેમજ આરોપીએ કઈ બેન્ક માંથી લોન લીધેલ અને કેટલુ લેણુ હતુ તેની ખબર નથી. જે હકીકત મુજબ ફરીયાદીએ તેઓની ફરીયાદમા આરોપીને ખેતીની લોનની રકમ ભરપાઈ કરવા માટે રકમ હાથ ઉછીની આપેલ હોવાની હકીકત જણાવેલ છે જે હકીકત સાબીત થતી નથી કારણ કે આરોપીની ખેતીની જમીન કઈ જગ્યાએ આવેલ છે તે ખેતીની જમીન ઉપર લોન હતી કે કેમ તેની માહીતી ફરીયાદીને નથી. આમ ફરીયાદીએ ખોટી હકીકત જણાવેલ હોય સત્ય હકીકત છુપાવેલ છે.

૪.૫ ફરીયાદી વાદગ્રસ્ત ચેક મુજબ ની રકમ આરોપીને ચુકવવા માટે સક્ષમ હોવાનુ સાબીત થયેલ નથી કારણ કે ફરીયાદી તેઓની ઉલટ તપાસમા કબુલ કરે છે કે હુ શ્રીજી ઈન્ડસ્ટ્રીઝ નામના કારખાનામા નોકરી કરૂ છુ માસીક રૂા. ૧૫,૦૦૦/– પગાર મળે છે. એ વાત ખરી છે કે કારખાનામાથી આવતા પગાર સિવાય મારી અન્ય કોઈ આવક નથી. એ વાત ખરી છે કે આ ૧૫,૦૦૦/ ખર્ચ મા વપરાય જાય છે તેમાથી કોઈ બચત થતી નથી. આમ ફરીયાદીની ઉલટ તપાસ ધ્યાને લેતા ફરીયાદી માસીક ૧૫,૦૦૦/ ની આવક હોય અને કોઈ બચત થતી નથી તેવુ કબુલ કરે છે. જે હકીકત મુજબ બે લાખ રૂપીયા જેવી રકમ આરોપી ને ચુકવવા સક્ષમ હોવાનુ સાબીત થતુ નથી.

૪.૬ ફરીયાદી તેઓની ફરીયાદમા પારા–૨ તા.૧૦/૪/૨૪ ના રોજ આરોપીને રૂપીયા બે લાખ આપેલ હોવાની હકીકત જણાવેલ છે જયારે ફરીયાદીએ આંક–૨૬ થી તેઓનુ બેન્ક એકાઉન્ટ સ્ટેટમેન્ટ રજુ કરેલ છે તેમા તા. ૧/૪/૨૪ થી તા.૨૯/૪/૨૪ એટલે કે એપ્રીલ ૨૦૨૪ ના સમય ગાળામા ફરીયાદીના બેન્ક સ્ટેટમેન્ટ મુજબ ફરીયાદીના એકાઉન્ટમા બે લાખ જેવી રકમ જમા ન હતી. તેમજ ફરીયાદી તેઓની ઉલટ તપાસમા કબુલ કરે છે કે એ વાત ખરી છે કે આંક–૨૬ વાળા સ્ટેટમેન્ટમાં તા.૧/૪/૨૪ થી તા.૨૯/૪/૨૪ સુધી રૂપીયા બે લાખ મારા ખાતા મા જમા હોય તેવી એન્ટ્રી નથી. જે હકીકત ધ્યાને લેતા તેમજ ફરીયાદીની કબુલાત ધ્યાને લેતા ફરીયાદીએ તેઓની ફરીયાદમા તા.૧૦/૪/૨૦૨૪ ના રોજ આરોપીને રૂપીયા બે લાખ હાથ ઉછીના આપવા માટે રકમ હોય તેવુ સાબીત થતુ નથી.

૪.૭ આમ ફરીયાદીએ તેઓની ઉલટ તપાસમા આંક–૨૬ વાળા સ્ટેટમેન્ટ મુજબ તા.૧૦/૪/૨૪ ના રોજ રૂપીયા બે લાખ જમા હોય અને આરોપીને આપેલ હોય તેવુ સાબીત થયેલ નથી તેમજ તા.૧૦/૪/૨૪ ના રોજ ફરીયાદીના એકાઉન્ટમા બે લાખ જેવી રકમ જમા નહી હોવાની હકીકત ફરીયાદીએ કબુલ કરેલ છે જેથી કબુલ કરેલ કોઈ હકીકત એવીડન્સ એકટ મુજબ સાબીત કરવાની રહેતી નથી જે હકીકત નામદાર નીચેની કોર્ટે ધ્યાને લીધેલ નથી.

૪.૮ નામદાર નીચેની કોર્ટે વાદગ્રસ્ત જજમેન્ટમાં પેરા–૭.૪ માં આંક–૨૬ ના સ્ટેટમેન્ટનો ઉલ્લેખ કરી ખોટુ અર્થઘટન કરેલ છે કારણ કે નામદાર કોર્ટે વાદગ્રસ્ત જજમેન્ટમા તેવુ ફાઈન્ડીંગ લખેલ છે કે "ફરીયાદીનુ આંક–૨૬ વાળુ બેન્ક ખાતાનુ સ્ટેટમેન્ટ ધ્યાને લેવામા આવે તો તેમા ફરીયાદી ધ્વારા તા. ૭/૩/૨૪ ના રૂપીયા બે લાખ ઉપાડેલ હોવાની તેમજ તા. ૧૬/૩/૨૪ રૂપીયા ચાર લાખ ઉપાડેલ હોવાની એન્ટ્રી છે. જે એન્ટ્રી મુજબ તા. ૧૦/૪/૨૪ ના રોજ ફરીયાદીને આરોપીને રોકડ રકમ આપવા માટે પુરતુ બેલેન્સ ધરાવતા હોવાનુ અર્થઘટન ખોટુ કરેલ છે કારણ કે ફરીયાદી કે ફરીયાદીએ તા. ૧૦/૪/૨૪ ના રોજ આરોપીને રકમ આપેલ હોવાની હકીકત જણાવેલ છે. ફરિયાદીએ તા.૭/૩/૨૪ તથા

તા.૧૬/૩/૨૪ નારોજ રકમ બેન્ક ખાતા માંથી ઉપાડી અને આરોપીને આપેલ હોય તેવો ફરીયાદપક્ષ નો કેસ નથી તેમજ તેઓએ સદરહુ રકમ બેન્ક માથી ઉપાડી એક માસ અગાઉ તેઓની પાસે રોકડમા રાખેલ હોય તે આરોપીને તા.૧૦/૪/૨૪ ના રોજ આપેલ હોય તેવો પણ ફરીયદ પક્ષ નો કેસ નથી કે ફરીયાદીએ ઉલટ તપાસમા તેવી હકીકત જણવેલ નથી કે પુરાવો આપેલ નથી પરંતુ ફરીયાદીએ ઉલટ તપાસમા કબુલ કરેલ છે કે આંક-૨૬ વાળા સ્ટેટમેન્ટ મુજબ તા.૧/૪/૨૪ થી તા.૨૯/૪/૨૪ સુધી બે લાખ ખાતામા જમા હોય તેવી એન્ટ્રી નથી આમ ફરીયાદીએ સદરહુ હકીકત ખુદ પોતે કબુલ કરેલ હોય જેથી કબુલ કરેલ હકીકત સાબિત કરવાની જરૂર નથી. આમ ફરિયાદી પાસે તા. ૧૦/૪/૨૪ ના રોજ રૂપીયા બે લાખ આરોપીને ચુકવવા માટે હોવાની હકીકત સાબીત થયેલ નથી જેથી ફરીયાદી આર્થીક રીતે સક્ષમ હોવાનુ સાબીત થયેલ નથી.

૪.૯ ફરીયાદી તેઓની ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે એ વાત ખરી છે કે હુ કોઈ ખેતી કામ કરતો નથી. એ વાત ખરી છે કે કારખાના માંથી આવતા પગાર સિવાય મારી અન્ય કોઈ આવક નથી તેમજ ઉલટ તપાસમા કબુલ કરે છે કે મારી ફરીયાદમા હુ ખેતી કામ કરી પરીવાર નુ ગુજરાન ચલાવતો હોય તેવી હકીકત ખોટી જણાવેલ છે. આમ ફરીયાદીએ તેઓની ફરિયાદમા ખોટી હકીકત જણાવેલ હોવાનુ કબુલ કરેલ છે. જે હકીકત નામદાર નીચેની કોર્ટે ધ્યાને લીધેલ નથી. આમ ફરિયાદી ખોટી હકીકતો લાવી સત્ય હકીકતો છુપાવી અને ખોટી ફરીયાદ કરેલ છે. જે હકીકત નામદાર નીચેની કોર્ટે ધ્યાને લીધેલ નથી જેથી વાદગ્રસ્ત હુકમ રદ થવાપાત્ર છે.

૪.૧૦ આંક-૫ ની ફરીયાદીની ઉલટ તપાસનુ અર્થઘટન કરવામા નામદાર નીચેની કોર્ટે ગંભીર ભુલ કરેલ છે.

૪.૧૧ નામદાર નીચેની કોર્ટે અમારી મૌખીક દલીલ ધ્યાને લેવામા ગંભીર ભુલ કરેલ છે.

૪.૧૨ રિસ્પોન્ડન્ટ નં. ૧ (ફરીયાદી) નુ કાયદેસરનુ લેણુ સાબીત થતુ નથી. રીસ્પોન્ડન્ટ (ફરીયાદી) તેઓનુ કાયદેસરનુ લેણુ સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે. જે હકીકત ધ્યાને લીધેલ નથી.

૪.૧૩ ઈન્કમટેક્ષ એકટ ની જોગવાઈ મુજબ રૂા.૨૦,૦૦૦/- ઉપર થી વધુ ની રકમ નો વ્યવહાર રોકડમા કરવામાં આવેલ હોય તો તે ગેરકાયદેસર છે. જેથી ફરીયાદીના જણાવ્યા મુજબ વાદગ્રસ્ત ચેક ની રકમ રૂ.૨,૦૦,૦૦૦/- ની હોય જેથી સદરહુ વ્યવહાર ગેરકાયદેસર હોય જેથી ફરીયાદીનુ લેણુ ગેરકાયદેસર સાબીત થાય છે. જે હકીકત નામદાર નીચેની કોર્ટે ધ્યાને લીધેલ નથી.

૪.૧૪ આરોપીએ પ્રોસીકયુશનના કેસમા શંકા ઉભી કરેલ છે અને રેકર્ડ ઉપર તેનો બચાવ સાબીત કરેલ છે. જેથી ફરીયાદ પક્ષની તરફેણમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ

૧૧૮(એ) તથા કલમ ૧૩૯ નાં સ્ટેચ્યુટરી પ્રીઝમશનનો અંત દૈવી જાય છે અને બર્ડન ઓફ પ્રુફ ફરીયાદી ઉપર શીફટ થાય છે. જેથી આ કામમા કલમ ૧૩૯ મુજબ પ્રીઝમશન આરોપી વિરૂધ્ધ કરવાનુ થતુ નથી.

૪.૧૫ ફરીયાદીએ ચેક ના કન્ટેન્ટસ પુરવાર કરવા જોઈએ પરંતુ આ કામે કન્ટેન્ટસ પુરવાર થયેલ નથી, તથા નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ ની મેન્ડેટરી જોગવાઈ મુજબ ફરીયાદીનુ કાયદેસરનુ લેણુ સાબીત થતુ નથી, આમ ફરીયાદ પક્ષ તેઓનો કેસ સંપુર્ણપણે શંકા રહીત સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવા છતાં નામદાર નીચેની કોર્ટે ફરીયાદ પક્ષનો કેશ શંકા રહીત માનીને ગંભીર ભુલ કરેલ છે.'' તેમ જણાવી અરજી પેરા-૪ માં જણાવ્યા મુજબની દાદ મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫) આરોપી તરફે દલીલઃ-

મૂળ આરોપી/એપેલન્ટના વિ.વ.શ્રીએ મૌખિક દલીલો કરવામાં આવેલ છે જેમાં તેઓએ મોટા ભાગે અપીલમેમોમાં જણાવેલ હકીકતોનું પુનરાવર્તન કરેલ છે અને વધુમાં દલીલ કરેલ છે કે, ફરીયાદી પોતે આ વ્યવહાર થયેલો તે હકીકત સાબીત કરી શકેલ નથી અને આરોપી તરફે આ કોરા ચેકનો દુરઉપયોગ થયાની હકીકત સાબીત કરેલ છે અને ફરીયાદી પાસે આટલી મોટી રકમ ઉછીની આપવા માટે ન હતી તે હકીકત સાબીત કરેલ છે અને તે સંજોગોમાં આરોપીને નિર્દોષ ઠરાવવા માટે દલીલ કરેલ છે.

(૬) મૂળ ફરીયાદી/સામાવાળા તર્ફે દલીલો :-

મૂળ ફરીયાદી/રીસ્પોન્ડન્ટ નં.૧ તરફે દલીલ કરેલ છે કે, ટ્રાયલ અદાલતે ઝીણવટભરી રીતે પુરાવાનું મુલ્યાંકન કરેલ છે અને ફરીયાદી, ફરીયાદી તરફેણમાં એન.આઈ.એકટની કલમ-૧૩૯ મુજબનું અનુમાન થઈ શકે તેટલો કેસ પુરવાર કરવામાં સફળ રહેલ છે અને તેનું ખંડન આરોપી તરફે થઈ શકેલ નથી અને તેથી ટ્રાયલ અદાલતનો ચુકાદો ન્યાયીક અને હકીકતની રીતે યોગ્ય છે અને તેમાં કોઈ હસ્તક્ષેપની જરુરીયાત ન હોય અપીલ રદ કરવા માટે દલીલ કરેલ છે.

(૭) પોઈન્ટસ ફોર ડીટરમીનેશનઃ-

આ કામનું રેકર્ડ, જજમેન્ટ, અપીલ મેમો, આરોપી/એપેલન્ટના વિ.વ.શ્રી ની દલીલો, રીસ્પોન્ડન્ટ/મુળ ફરીયાદીના વિ. વકીલશ્રીની દલીલો લક્ષમાં લેતા આ અપીલનાં નિર્ણય માટે સી.આર.પી.સી.ની કલમ–૩૮૭ સાથે ૩૫૪(૧)(બી) વંચાણે લેતાં નીચે મુજબનાં પોઈન્ટસ ઊપસ્થિત થાય છે.

૭.૧)શું નીચેની અદાલતનું જજમેન્ટ ગેરકાયદેસર, કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત વિરુધ્ધનું અને કાયદા તેમજ હકિકતથી ભુલ ભરેલ છે અને તેમાં હસ્તક્ષેપ કરવો જરુરી છે ?

૭.૨)શું ટ્રાયલ અદાલતે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું યોગ્ય રીતે તહોમત સંદર્ભે મુલ્યાંકન કરેલ નથી?

૭.૩)શું હુકમ ?

(૮) **મુદ્દાનાં જવાબઃ–**

૮.૧) ચર્ચા મુજબ 'નકારમાં''

૮.૨) ચર્ચા મુજબ 'નકારમાં''

૮.૩) આખરી હુકમ મુજબ. ''ચર્ચા કર્યા મુજબ ''

– કારણો –

(૯) **મુદ્દા નં. ૧ –**

પુરાવાનો કાયદો બે આસ્પેક્ટને અનુસરે છેઃ–

A. QUID Probandum એટલે કે, હકિકત સાબીત કરવી,

જયારે બીજો આસ્પેકટ –

B. MODUS Probandi ને અનુસરે છે જે પુરવાર કરવાની રીતને અનુસરે છે.

C. ભારતીય ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ તથા ક્રિમીનલ જયુરીસપુન્ડસ મુજબ ફરીયાદ પક્ષે તેનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો રહે છે. વધુમાં ફરીયાદ પક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાબીત કરવાનો રહે છે.

D. વધુમાં કોઈપણ દંડાત્મક કાનૂનનું અર્થઘટન કરતી વખતે તેને "strictly construed" કરવાનું રહે છે. એટલે અદાલતે કાયદાનાં શબ્દો (Lirtera legis) કરતાં આગળ વધવું જોઈએ નહી.

E. જયાં સુધી ભારતીય દંડ સંહિતાને લાગે–વળગે છે ત્યાં સુધી કોઈપણ કૃત્ય ગુનો બને છે કે કેમ? તે માટે **ભારતીય દંડ સંહિતાની કલમ–૬ ને પણ લક્ષમાં રાખવાની હોય છે :–**

કલમ–૬:–આ સંહિતાની જોગવાઈઓ અપવાદોને આધીન સમજવી:– આ સંહિતામાં પ્રથમથી છેક સુધી ગુન્હાની પ્રત્યેક વ્યાખ્યા,પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક

વ્યાખ્યા,પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા તથા શિક્ષાત્મક જોગવાઈઓનું પ્રત્યેક દષ્ટાંત 'સામાન્ય અપવાદો' શીર્ષકવાળા પ્રકરણમાં આપેલ અપવાદોને આધીન છે તેમ સમજવું. અલબત, આવી વ્યાખ્યા કે શિક્ષાત્મક જોગવાઈ કે દષ્ટાંતમાં આવા અપવાદો દોહરાવાયા નથી. એટલે કે, કોઈપણ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે માટે આ ભારતીય દંડ સંહિતામાં જે અપવાદો આપેલા છે તે અપવાદો લક્ષમાં રાખવાનાં છે. એટલે કે,કોઈપણ કૃત્ય ગુનો બનવા માટે અપવાદોને આધીન છે.નામ. સર્વોચ્ચ અદાલતે પ્રતાપ–વિરુધ્ધ–ઉત્તર પ્રદેશ રાજયનો ચુકાદો કે જે ૧૯૭૬ (૨) એસસીસી– પાન નં. ૭૯૮ ઉપર પ્રદર્શિત થયેલ છે. જે ચુકાદામાં એવું પ્રતિપાદિત કરેલ છે કે, રેકર્ડ ઉપર જે પુરાવો હોય તેનાં ઉપરથી અદાલતે કોઈપણ ગુનો અપવાદમાં પડે છે કે કેમ ? તે લક્ષમાં રાખી, કોઈ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે નકકી કરવાનું હોય છે.

F <u>Beyond reasonable doubt એટલે શું ?</u>

F.1 ઉપર ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષે તેમનો કેસ વ્યાજબીશકથી પર સાબીત કરવાનો હોય છે અને કોઈપણ ભૂલ ભરેલી સજા સમાજ તથા આરોપી માટે ખુબજ ગંભીર બાબત છે. જેથી સજા કરતી વખતે અદાલતે ઘ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા એવા નિર્ણય ઉપર પહોંચે કે,આરોપી વ્યાજબીશકથી પર ગુનેગાર છે.

<u>Reasonable doubt અંગે વિદવાન કાયદાવીદ વ્હોરટને નીચે મુજબની વ્યાખ્યા આપી છે કે :–</u>

"Reasonable doubt is that which makes you hesitate as to the correctness of the conclusion which you rich" જયારે અદાલતને તેની રુબરુ જે પુરાવો પડેલો હોય તે શુધ્ધ અંતર આત્માથી વિચારતા એવું લાગ કે, આરોપીની ગુનેગારી બાબતે શંકા છે તો તે રીઝનેબલ ડાઉટ છે.

<u>F.2 આજ રીતે લોર્ડ ડેનીગે તેની વ્યાખ્યા આપતાં જણાવ્યું છે કે:–</u> That degree is not well settled. It need not reach certainty but must carry a high degree of probability. Proof beyond reasonable doubt does not mean proof beyond the shadow of doubt. The law would fail to protect the community if it admitted fanciful possibilities to deflect the course of justice. If the evidence is strong against a man as to leave only a remote possibility in his favour that can be dismissed with the sentence'. “Of course it is possible, but not in the lest probable, the case is proved beyond reasonable doubt, but nothing short of that will suffice”. વધુમાં નામ.સર્વોચ્ચ અદાલતે સ્ટેટ

ઓફ બેંગાલ–વિરુધ્ધ–ઓનીલાલ જયસ્વાલના ૧૯૯૪(૧) જી. એલ. એચ. પાન – ૫૩૭ ઉપરનાં ચુકાદામાં માં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે,....**1994 (1) G. L. H. 537 SUPREME COURT K. JAYACHANDRA REDDY AND G. N. RAY, JJ.** State of West Bengal ...Appellant Versus Orilal Jaiswal and Another ... Respondents *[@page537]* Reasonable doubt is simply that degree of doubt which would permit a reasonable and just man to come to a conclusion. Reasonableness of the doubt must be commensurate with the nature of the offence to be investigated. ...”

F.3 આમ, રીઝનેબલ ડાઉટ રેકર્ડ ઉપરથી ફલીત થતો હોવો જોઈએ અને તે કાલ્પીનક ન હોવો જોઈએ અને રેકર્ડ ઉપરથી જ ફકત શંકા નહીં પરંતુ વ્યાજબી શંકા આરોપીની ગુનામાં સંડોવણી કે, આરોપીનાં ગુનાકીય કૃત્ય માટે ઉભી થયેલી હોવી જોઈએ. ફરીયાદ પક્ષે તેનો કેસ સીધા પુરાવાથી એટલે કે ભા. પુ. ધારાની ક. ૬૦ માં પડતાં પુરાવાથી કે સીધા પુરાવાનાં અપવાદો એટલે કે રેસ ગેસ્ટેમાં પડતાં સાહેદોનાં પુરાવાથી એટલે કે ભા. પુ. ધારાની ક. ૬ થી ૯ અને ૧૪ માં પડતાં પુરાવાથી કે ભા. પુ. ધારા માં જણાવેલ કલમ–૨૪ મુજબની કબુલાતથી કે ભા. પુ. ધારાની ક. ૩૨ માં પડતાં પુરાવાથી સાબીત કરવાની હોય છે. આમ ઉપરોકત પરિપ્રેક્ષ્યમાં ફરીયાદ પક્ષ નું મુલ્યાંકન કરવાનું રહે છે.

(૧૦) નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટ ૧૮૮૨ ની કલમ–૧૩૯ તથા ૧૧૮ ચિત્રમાં આવે છે જે નીચે મુજબ છે.

<u>કલમ–૧૩૯ ધારકની તરફેણમાં અનુમાન :–</u>

વિરુધ્ધનું સાબિત થાય તે સિવાય એવું માની લેવામાં આવશે કે ચેકના ધારકને સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કલમ–૧૩૮ માં ઉલ્લેખેલ પ્રકારનો ચેક મળ્યો છે.

આમ, કલમ–૧૩૯ નું અનુમાન લક્ષમાં લેતાં વિરુધ્ધનું સાબીત ના થાય ત્યાં સુધી ચેકના ધારકને સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે ૧૩૮ માં ઉલ્લેખેલ પ્રકારનો ચેક મળેલ છે તેવું અનુમાન કરવાનું હોય છે. તેમજ આ તબકકે આ કાયદાની કલમ–૧૧૮ પણ રજુ કરવી જરુરી છે. જે નીચે મુજબ છે.

<u>કલમ –૧૧૮ વટાવ ખત વિષે માની લેવાની બાબત.</u>

એથી વિરુધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામાં આવશે:–

અવેજ વિશે.

(ક) દરેક, વટાઉ ખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું, અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, અથવા તબદીલ કરવામાં આવ્યું હોય, ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું, તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

તારીખ વિશે.

(ખ) જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉ ખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આ પ્યું હતું.

સ્વીકારનાર સમય વિશે.

(ગ) સ્વીકારયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

તબદીલીના સમય વિશે.

(ઘ) કોઈ વટાવ ખતની દરેક તબદીલી તે ખત પાકયાની તારીખ પહેલાં થઈ હતી.

શેરાઓના ક્રમ વિશે.

(ચ) કોઈ વટાઉ ખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરો તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતાં.

સ્ટેમ્પ વિશે.

(છ) ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો......

આમ, આ કલમ મુજબ પણ વિરુધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી આ ચેકો અવેજને માટે લખી આપવામાં આવ્યા હતાં તેવું અનુમાન અદાલતે કરવાનું હોય છે. આ કાયદાની કલમ–૧૧૮ તથા ૧૩૯ માં "Shall presume" તેવા શબ્દો છે અને તે સં જોગોમાં ભારતીય પુરાવા ધારાની કલમ–૪ ચિત્રમાં આવે છે અને જે નીચે મુજબ છે.

Section-4...........

"Shall presume" - Whenever it is directed by this Act that the Court shall presume a fact, it shall regard such fact as proved, unless and untill it is disproved........"

આમ, આ ભારતીય પુરાવા ધારાની આ અનુમાન ત્યારે જયાં સુધી હકીકત નાસાબીત ના થાય ત્યાં સુધી હકીકત સાબીત થઈ છે તેવું અદાલતે માનવાનું રહે છે.આમ આ કાયદાની કલમ–૧૧૮ અને ૧૩૯ લક્ષમાં લેતાં તથા ફરીયાદીનો પુરાવો લક્ષમાં લેતાં આ ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરે છે કે આ ચેક અવેજને માટે અને કોઈ દેવા કે જવાબદારી માટે લખી આપવામાં આવ્યા હતા તેનું અનુમાન કરવાનું છે અને જોકે આ અનુમાન ખંડનાત્મક છે.

(૧૧) આ તબકકે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ને હવે પછી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તરીકે ઉલ્લેખવામાં આવશે. તેની કલમ–૧૩૮ અત્રે રજુ કરવી જરુરી છે જે નીચે મુજબ છે.

138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.—

Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both:

Provided that nothing contained in this section shall apply unless—

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, [within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation.—For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.]

(૧૨) આમ, આ કલમ–૧૩૮ ની જોગવાઈઓ મુજબ નીચે મુજબની હકીકત ફરીયાદપક્ષ દવારા પુરવાર કરવી જરુરી છે.

(૧) ચેક લખનાર એટલે કે આરોપી તેમનું ખાતું બેંકમાં ધરાવતા હતા અને તે બેંક ખાતાનો ચેક આરોપીએ ફરીયાદીને લખી આપેલ છે.

(૨) આ ચેક આરોપીએ તેની પોતાની જવાબદારી કે દેવું અદા કરવા માટે આપેલ છે.

(૩) ફરીયાદીએ આ ચેક ચેકની તારીખથી ત્રણ માસના સમયમાં પુરી ''વેલીડીટી પીરીયડમાં રજુ કરેલ છે.''

(૪) આ ચેક અપુરતાં ભંડોળના કારણે વગર વસુલાતે પરત આવેલ છે.

(૫) આ ચેક ભરપાઈ થયા વિના પરત આવતાં ભરપાઈ થયાની જાણ થયાની દિન–૩૦ માં આ કાયદાની કલમ–૧૩૮(બી) મુજબ લેખિતમાં નોટીસ આપીને આ ભરપાઈ થયા વિના પરત થયેલા ચેકની રકમની માંગણી કરી હોવી જોઈએ.

(૬) આ માંગણા નોટીસ આરોપીને મળ્યા બાદ આરોપીએ દિન–૧૫ માં તેના નાણાં ચુકવી આપ્યા નથી.

(૭) ઉપર મુજબના દિન–૧૫ માં નાણાં ચુકવી ના આપ્યા બાદ આરોપીએ ફરીયાદ કરવાનું કારણ આ કાયદાની કલમ–૧૩૮(ક) મુજબ ઉભું થાય તેના એક માસની અંદર ફરીયાદ દાખલ કરેલી છે.

(૧૩) આ કાયદાની કલમ–૧૩૮ મુજબ કસુરવાન ઠરાવવા માટે ફરીયાદીએ ઉપરોકત હકીકતો મુજબ સાબીત કરવી પડે છે એટલે કે ભારતીય પુરાવા ધારાની કલમ–૧૦૧ મુજબ ઉપરોકત મુદ્દાઓ સાબીત કરવાનો સાબીતીનો બોજો ફરીયાદી ઉપર છે. આ તબકકે ભારતીય પુરાવા ધારાની કલમ–૩ કે જે અર્થઘટન અંગેની છે તેની કલમ સાબીત અંગેની અત્રે રજુ કરવી જરુરી છે. જે નીચે મુજબ છે.

> **''સાબિત'' –** એક હકીકત સાબિત થઈ કહેવાય જયારે તેની સમક્ષ પડેલી બાબતો વિચારતા અદાલતે તેનું અસ્તિત્વ છે તેમ માને અથવા તેનું અસ્તિત્વ એટલી હદે સંભવિત માને છે કે એક સમજદાર વ્યકિત જે તે કેસમાં સંજોગો હેઠળ તેવી ધારણાથી વર્તે કે તેનું અસ્તિત્વ છે.

(૧૪) આમ, ક્રિમીનલ જયુરીસપ્રુડન્સના સિધ્ધાંત મુજબ તથા એન.આઈ.એકટની કલમ–૧૩૯ મુજબ પાયાની હકીકત ફરીયાદીએ વ્યાજબી શકથી પર ઉપરોકત હકીકત સાબીત કરવાની હોય છે.

(૧૫) <u>આરોપી તેનો બચાવ :–</u>

(અ) ફરીયાદપક્ષના પુરાવા થકી કે ફરીયાદપક્ષની ઉલટ તપાસ કરી

(બી) કે સ્વતંત્ર પુરાવાથી સાબીત કરી શકે છે.

(૧૬) <u>ઉપરોકત બાબતોએ પુરાવાઓનું મૂલ્યાંકન :–</u>

૧૬.૧ આ કામમાં ફરીયાદીએ આંક–૫ થી સોગંદ ઉપર પુરાવો આપેલ છે અને તેમાં આરોપીને ઉછીની રકમ રૂા. ૨ લાખ ફરીયાદમાં જણાવેલ તારીખે રોકડા આપેલા જેની ચુકવણી પેટે ફરીયાદ મુજબનો ચેક આપેલો છે અને જે ચેક બેન્કમાં ભરતા ''ફંડ ઈન–સફીશીઅન્ટ''ના શેરા સાથે પરત આવતા આરોપીને નોટિસ આપેલ અને નોટિસ આપ્યા છતા આરોપીએ કોઈ રકમ નિયમ સમયમાં ન ચુકવી આપતા હાલની ફરીયાદ કરેલ છે.

૧૬.૨ આ કામમાં ચેક આંક–૧૬ થી રજુ થયેલ છે જેમાં હાલના આરોપીનું નામ અને સહી છે, રકમ રૂા. ૨ લાખ છે અને આંક–૧૭ મુજબ આ ચેક ''ફંડ ઈન–સફીશીઅન્ટ'' ના

શેરા સાથે પરત આવેલ છે અને જે મેમો તા. ૨૪–૬–૨૪ નો છે અને તા.૪–૭–૨૪ ના રોજ આરોપીને વકીલ શ્રી ડી.એચ.ભટ્ટી મારફતે નોટિસ આપેલી છે અને તે નોટિસ બજી ગયા અંગે એકનોલજમેન્ટ આંક–૨૦ થી રજુ થયેલ છે અને આંક–૨૧ થી પોસ્ટનો રીપોર્ટ રજુ થયેલ છે.

૧૬.૩ આ કામમાં ટ્રાયલ અદાલતે તેના ચુકાદાના પેરા–૭.૩ થી ૭.૬ માં નીચે મુજબનું તારણ કાઢેલ છે.

''(૭.૩) વધુમાં આ કામે ક્યા સંજોગોમાં અનુમાનો નું ખંડન કેવી રીતે કરી શકાય તથા તેવા અનુમાનોનું ખંડન કરવા માટે પુરાવાનો બોજો કોના પર છે અને તે કેવી રીતે ખંડન કરી શકાય તે બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતનો Hiten P. Dalal v.Bratindranath Banerjee" AIR 2001 SUPREME COURT 3897 નો ચુકાદો રીફર કરવો જરૂરી છે જેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે એમ ઠરાવેલ છે કે, It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability." The effect of these presumptions is to place the evidential burden on the accused of proving that the cheque was not received by the complainant towards the discharge of any liability.

Because both Sections 138 and 139 require that the Court "shall presume" the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, as noted in it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established. It introduced an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused. Such a presumption is a presumption of law, as distinguished from presumption of fact which describes provisions by which the Court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non existence of the presumed fact. (Paras 20, 21)

The distinction between the two kinds of presumption lay not only in the mandate to the Court, but also in the nature of the evidence required to rebut the two. In the case of discretionary presumption the presumption if

drawn may be rebutted by an explanation which 'might reasonably be true and which is consistent with the innocence" of the accused. On the other hand in the case of a mandatory presumption "the burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under Section 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by proof and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exist. Unless, therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted."

હાલ ના કામે ફરીયાદીએ તેમનો કેસ પુરવાર કરવા માટે આંક ૦૫ થી તેમનું સરતપાસ નું સોગંદનામુ રજૂ કરેલ છે અને તેના સમર્થન માં આંક ૧૬ થી ૨૨ સુધી તેમજ આંક ૨૬ ના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે. જયારે આરોપીપક્ષે ફરીયાદીના પુરાવાનું ખંડન કરવા માટે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ નથી, ફકત ફરીયાદી ની ઉલટ તપાસ પર આધાર રાખેલ છે.

(૭.૪) આ કામે ફરીયાદીની ફરીયાદ હકીકત અંગે બચાવપક્ષે વિગતવાર ની ઉલટ તપાસ કરેલ છે. જે ઉલટ તપાસ પર આધાર રાખી આરોપી દ્વારા એવો બચાવ લેવામાં આવેલ છે કે આ કામના ફરીયાદી ની આરોપી ને રૂપિયા બે લાખ હાથઉછી ના આપવાની કોઈ આર્થિક ક્ષમતા ન હતી. આરોપી દ્વારા ફરીયાદી ની ઉલટ તપાસ પર આધાર રાખી દલીલ કરવામાં આવેલ છે કે, ફરીયાદી નો પગાર માસિક રૂ.૧૫,૦૦૦/- હોવાનું તેઓએ જણાવેલ છે અને તે પગાર સિવાય તેઓને અન્ય કોઈ આવક નથી, તે પગાર માંથી બચત થતી ન હોવાનું પણ ફરીયાદીએ તેમની ઉલટ તપાસ માં સ્વીકારેલ છે, તેમજ તા.૧/૪/૨૪ થી ૨૯/૪/૨૪ સુધીમાં તેમના ખાતા માં રૂ. બે લાખ જમા હોય તેવી કોઈ એન્ટ્રી ન હોવાનું પણ તેઓએ તેમની ઉલટ તપાસ માં સ્વીકારેલ છે. આ સંદર્ભે જો ફરીયાદી નું આંક ૨૬ વાળું બેંક ખાતા નું સ્ટેટમેન્ટ ધ્યાને લેવામાં આવે તો તેમાં, ફરીયાદી દ્વારા તા.૭/૩/૨૪ ના રૂ.૨,૦૦,૦૦૦/- ઉપાડેલ હું રું હોવાની તેમજ તા.૧૬/૩/૨૪ રૂ.૪,૦૦,૦૦૦/- ઉપાડેલ હોવાની એન્ટ્રી છે, અને ~ તેઓની કરીયાદ મુજબ તેઓએ આરોપી ને રૂ.૨,૦૦,૦૦૦/- ની હાથઉછીની રકમ તા.૧૦/૪/૨૦૨૪ ના રોજ આપેલ હોવાનું જણાવેલ છે. તેથી તેઓએ આરોપી ને રોકડ રકમ આપેલ ત્યારે તેમના ખાતા માં પૂરતું બેલેન્સ હોવાનું અને તેઓ સદરહુ રકમ આરોપી ને હાથઉછી ની આપવા માટે આર્થિક રીતે સક્ષમ હોવાનું રેકોર્ડ પર ના પુરાવા થી સ્પષ્ટપણે જણાય આવે છે. તેથી ફરીયાદી ની આરોપી ને નાણાં ધિરવા ની આર્થિક ક્ષમતા ન હોવાનું માની શકાય નહિ. વધુમાં, આરોપી દ્વારા એવો પણ બચાવ લેવામાં આવેલ છે કે ફરીયાદી દ્વારા આરોપી ને રૂ. બે લાખ હાથઉછી ના આપેલ હોવાનું કોઈ લખાણ કે પહોંચ કરવામાં આવેલ નથી અને આવો કોઈ પુરાવો આ કામે રજૂ કરવામાં આવેલ નથી. પરંતુ, હાથ ઉછી ની આપેલ રકમ નું

લખાણ કરવામાં આવેલ ન હોય, કે તેની કોઈ પહોંચ આપવામાં આવેલ ન હોય કે રકમ ની નોંધ કરવામાં આવેલ ન હોય, તેટલા માત્ર થી લેણી રકમ નો વ્યવહાર ગેરકાયદેસર બની જતો નથી. વધુમાં, આરોપી દ્ધારા ચેક માં તેમની સહી હોવાનું નકારવામાં આવેલ નથી. ત્યારે કલમ ૧૧૮, ૧૩૯ મુજબ નું અનુમાન ફરીયાદી ની તરફેણ માં કરવાનું રહે છે અને આરોપી દ્ધારા ખંડનાત્મક પુરાવો રજૂ કરી પુરવાર કરવાનું રહે છે કે વાદગ્રસ્ત ચેક કોઈ કાયદેસર ની લેણી રકમ પેટે આપવામાં આવેલ ન હતો અને ફરીયાદીની નાણાં ધિરવા ની કોઈ કેપેસિટી ન હતી. આરોપી દ્ધારા આવી હકીકતો રેકર્ડ પર લાવવા બેંક સાક્ષીને તેમજ ઈનકમટેક્સ અધિકારી ને તપાસી રેકર્ડ પર લાવી શકાય છે. વધુમાં, આ સંદર્ભે નામદાર સુપ્રિમ કોર્ટના Sanjabij Tari v. Kishore S Borcar, 2025 INSC 1158 ના ચુકાદાને ધ્યાને લેવો જરુરી છે જેમાં નામદાર કોર્ટ દ્ધારા નીચે મુજબ ઠરાવવા માં આવેલ છે,

"22. It is pertinent to mention that in the present case, the Respondent No.1–Accused has filed no documents and/or examined any independent witness or led any evidence with regard to the financial incapacity of the Appellant Complainant to advance the loans in question. For instance, this Court in Rajaram S/o Sriramulu Naidu (Since Deceased) Through LRs. vs. Maruthachalam (Since Deceased) Through LRs., (2023) 16 SCC 125 has held that presumptions under Sections 118 and 139 of the NI Act can be rebutted by the accused examining the Income Tax Officer and bank officials of the complainant/drawee."

"30. This Court in MMTC Ltd. and Another vs. Medchl Chemicals & Pharma (P) Ltd. and Another, (2002) 1 SCC 234 has specifically held that when a statutory notice is not replied, it has to be presumed that the cheque was issued towards the discharge of liability."

વધુમાં બચાવપક્ષે સૌ પ્રથમ પોતાનો તકરારી ચેક ફરીયાદીના કબ્જામાં કેવી રીતે આવેલ તેની સ્પષ્ટતા કરવાની રહે છે. બચાવપક્ષે તે સ્પષ્ટતા માં તકરારી ચેક કોઈ કાયદેસર ની જવાબદારી પેટે ન હોવાનુ પણ સાબિત કરવાનુ રહે છે. આ કામે આરોપી દ્ધારા સદરહુ ચેક ફરીયાદી ને કાયદેસર ના લેણાં પેટે આપેલ ન હોવાનો કે કોઈ અન્ય કારણોસર ફરીયાદી ના કબ્જા માં આવેલ હોવા અંગે નો કોઈ બચાવ લેવામાં આવેલ નથી કે તે બાબતે નો કોઈ ખંડનાત્મક પુરાવો પણ રેકોર્ડ પર રજૂ કરવામાં આવેલ નથી. આ કામે આરોપીએ ઉપરોક્ત મુજબ ના બચાવ લીધેલ છે પરંતુ તેમને કલમ ૧૩૮ બી મુજબ ની નોટિસ ફરીયાદી દ્ધારા આપવામાં આવેલ છે જે આંક ૧૮ થી આ કામે રજૂ કરવામાં આવેલ છે, જે આરોપી ને બજી ગયેલ હોવાની એકનોલેજમેન્ટ સ્લીપ આ કામે આંક ૨૦ થી રજૂ થયેલ છે, તે નોટીસ આરોપી ને બજી જવા છતાં ચેક નો દુરુપયોગ થયેલ હોય તેવી કોઈ કાર્યવાહી ફરીયાદી વિરુદ્ધ કરવામાં આવેલ નથી કે નોટીસ ના જવાબ દ્ધારા પણ આવો કોઈ બચાવ લેવામાં આવેલ નથી. તેથી આરોપી નો આ બચાવ ટકવાપાત્ર ન હોવાનું અત્રેની અદાલત નું નમ્રપણે માનવું છે.

(૭.૫) વધુમાં આ કામના ફરિયાદી ની ઉલટ તપાસ ઉપર આધાર રાખી ને આરોપીપક્ષ દ્ધારા અન્ય બચાવ એવો પણ લેવામાં આવેલ છે કે આ કામના આરોપી અને ફરીયાદી વચ્ચે કોઈ પારીવારીક સંબંધો ન હતા. આ સંદર્ભે ફરીયાદી ની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેમાં તેઓએ જણાવેલ છે કે,

"એ વાત ખરી છે કે હું અને આરોપી સગા થતાં નથી. સાહેદ જણાવે છે કે, જ્ઞાતિ એક હોવાથી સંબધી છીએ." "એ વાત ખરી નથી કે અમારે આરોપી સાથે કોઈ પારીવારીક સંબંધ નથી." તેથી આરોપી નો સદરહુ બચાવ ટકવાપાત્ર ન હોવાનું અત્રે ની અદાલત નું માનવું છે. વધુમાં, આરોપી દ્વારા એવો પણ બચાવ લેવામાં આવેલ છે કે ફરીયાદી દ્વારા આરોપી નો આંક ૧૬ વાળો ચેક ત્રણ વખત કલિયરીંગ માટે તેમના ખાતા માં જમા કરાવેલ હોવાનું તેમની ફરીયાદ કે સરતપાસ ના સોગંદનામા માં જણાવેલ નથી, તેથી તેઓ કોર્ટ માં ચોખ્ખા હાથે આવેલ નથી. પરંતુ આ સંદર્ભે ફરીયાદી નું આંક ૨૬ વાળું ખાતા નું સ્ટેટમેન્ટ ધ્યાને લેવામાં આવે તો તેમાં સદરહુ ચેક ફરિયાદી દ્વારા તા.૨૧/૬/૨૪ ના રોજ તેમના ખાતા માં જમા કરાવ્યા ની એન્ટ્રી છે અને તે ચેક તા.૨૪/૬/૨૪ ના રોજ રીટર્ન/ડીસઓનર થયા ની એન્ટ્રી છે. તે સિવાય સદરહુ ચેક જમા કરાવવા માં આવેલ હોવાની કોઈજ એન્ટ્રી નથી. તેથી આરોપી નો આવો બચાવ ટકવાપાત્ર નથી.

(૭.૬) આમ, ઉપરોક્ત કરેલ ચર્ચા મુજબ, કામના ફરીયાદી દ્વારા આરોપી ને ઘંટિયા મુકામે તા.૧૦/૪/૨૦૨૪ ના રોજ રૂપિયા બે લાખ હાથઉછી ના આપેલ હોવાનું અને તે ચૂકવણી પેટે આરોપી દ્વારા તા.૨૦/૬/૨૦૨૪ ના રોજ તેમની સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક વંથલી શાખાનો તેમના ખાતા નં ૭૮૦૧૮૪૨૮૦૩૦ વાળા નો ચેક નં ૦૦૯૪૧૩ તા. ૨૧/૬/૨૪ ના રોજ નો રૂ.૨,૦૦,૦૦૦/– અંકે રૂ. બે લાખ પૂરા નો ચેક આપેલ, જે અસલ ચેક આ કામે આંક ૧૬ થી ફરીયાદી દ્વારા આ કામે રજૂ કરવામાં આવેલ છે. જે ચેક ફરીયાદી દ્વારા તેમની બેંક માં રજૂ કરતાં તે ચેક તા. ૨૪/૬/૨૪ ના રોજ અપૂરતા ભંડોળ ના કારણે રિટર્ન મેમો સાથે પરત આવેલ. જે રીટર્ન મેમો ફરીયાદી દ્વારા આ કામે આંક ૧૭ થી રજૂ કરવામાં આવેલ છે, ત્યારબાદ તેઓએ તા. ૬/૭/૨૪ ના રોજ આરોપી ને વકીલ મારફતે આંક ૧૮ વાળી નોટિસ મોકલેલ જે આરોપી ને તા.૮/૭/૨૪ ના રોજ બજી ગયેલ. જે બજી ગયા ની એકનોલેજમેન્ટ સ્લીપ આ કામે ફરીયાદી દ્વારા આંક ૨૦ થી રજૂ કરવામાં આવેલ છે. જે સમગ્ર ધ્યાને લેતા ફરીયાદી દ્વારા આંક ૧૬ વાળો ચેક મુદત સમય માં તેમના ખાતા માં જમા કરાવતા તે રીટર્ન થતાં, તેઓ દ્વારા ૩૦ દિવસ માં આરોપી ને ડિમાન્ડ નોટીસ મોકલેલ હોવાનું અને તે નોટિસ બજી ગયા બાદ પણ આરોપી એ કોઈ રકમ ની ચૂકવણી કરેલ ન હોવાનું અને સમય મર્યાદા માં આ ફરીયાદ દાખલ કરેલ હોવાનું સપષ્ટપણે સાબિત થાય છે. આ કાયદા ની કલમ ૧૩૯,૧૧૮ ની ધારણા ફરિયાદી ની તરફેણ માં કોર્ટ દ્વારા કરી જ લેવાની હોય છે અને તે ખંડનાત્મક હોય તેનાથી વિરુદ્ધ નું પુરવાર કરવાનો બોજો આ કામના આરોપી પર રહેલ છે. પરંતુ હાલના કેસમાં તહોમતદાર દ્વારા કોઈ ખંડનાત્મક પુરાવો રેકર્ડ પર રજૂ કરવામાં આવેલ નથી. તેઓ દ્વારા કોઈ મહત્વના બચાવ લેવામાં આવેલ નથી અને તેઓ દ્વારા ચેક માં તેમની સહી ને પણ નકારવામાં આવેલ નથી. તે તમામ હકીકતો ધ્યાને લેતા કાયદા ની કલમ ૧૩૯,૧૧૮ ની ધારણા ફરિયાદી ની તરફેણ માં કરવાનું રહેતું હોય, તેમના દ્વારા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજો ને ન માનવા ને કોઈ કારણ રહેતું નથી.''

૧૬.૪ આરોપી તરફે બચાવ છે કે, ફરીયાદી અને આરોપી વચ્ચે કોઈ સબંધ ન હતા પરંતુ જે મુળ ફરીયાદીની ઉલટ તપાસ થયેલ છે તેમાં ફરીયાદીએ જણાવેલ છે કે, સબંધી એટલે એકજ જ્ઞાતિના છે પરંતુ કોઈ પારીવારીક સબંધ નથી તેવી હકીકત સ્વીકારેલી છે અને આરોપીએ આ ચેક કઈ રીતે આ ફરીયાદી પાસે પહોંચ્યો તે બાબતે કોઈ જ બચાવ લેવામાં આવેલ નથી. ઉલટાનું ઉલટ તપાસમાં એવુ પુછવામાં આવેલ છે કે,

''આરોપીએ મને ચેક તા.૧૧–૬–૨૪ પછી લખી આપેલ છે.'' આમ, ઉપરોકત આરોપી તરફે જ કરવામાં આવેલ દલીલ ઉપરોકત ઉલટ તપાસ જોતા ટકવા પાત્ર નથી.

૧૬.૫ આરોપી તરફે બીજો બચાવ છે કે, આટલી મોટી રકમ આપવા માટે ફરીયાદી સક્ષમ ન હતા. ફરીયાદ અને સોગંદનામા મુજબ તા.૧૦–૪–૨૪ ના રોજ આરોપીને રુા. ૨ લાખ રોકડા આપેલા છે. ઉલટ તપાસમાં ફરીયાદીએ એ હકીકત સ્વીકારેલ છે કે, ''એ વાત ખરી છે કે, આંક–૨૬ વાળા સ્ટેટમેન્ટમાં તા. ૧–૪–૨૪ થી તા.૨૯–૪–૨૪ સુધીનું રુા. ૨ લાખ મારા ખાતામાં જમા હોય તેવી એન્ટ્રી નથી.''

૧૬.૬ આ કામમાં આરોપીના જણાવ્યા મુજબ ફરીયાદીએ બેંન્ક એકાઉન્ટ સ્ટેટમેન્ટ આંક–૨૬ થી રજુ કરેલ છે જેમાં ઘણીવાર ફરીયાદીએ રુા. ૨ લાખ કરતા વધુ રકમ બેન્કના ખાતામાંથી ઉપાડી હોય તેવી વિગત છે અને તા. ૭–૩–૨૪ ના રોજ રુા. ૨ લાખ તેમજ તા. ૧૬–૩–૨૪ ના રોજ રુા. ૪ લાખ ઉપાડયાની એન્ટ્રી છે અને ઉલટ તપાસમાં ફરીયાદીએ સ્પષ્ટપણે જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, આંક–૨૬ વાળા સ્ટેટમેન્ટમાં તા. ૧–૪–૨૪ થી ૨૯–૪–૨૪ સુધીનું જે રુા. ૨ લાખ મારા ખાતામાં જમા હોય તેવી એન્ટ્રી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, કયારેક વધારે રકમ ઉપાડેલ હોય તો તે ઘરવપરાશના કામમાં લીધેલ હોય.'' આમ, આંક–૨૬નું બેન્ક સ્ટેટમેન્ટ ફરીયાદીનું જોતા ફરીયાદી ઉપરોકત રકમ આરોપીને આપવા માટે નાણાકીય સધ્ધરતા ધરાવતા હતા તે હકીકત સાબીત થાય છે.

૧૬.૭ વધુમાં, ફરીયાદીનો એવો કેસ નથી કે, તા.૧૦–૪–૨૪ ના રોજ જ આ રકમ બેન્કમાં થી ઉપાડી આપેલ છે તેથી આ બાબતે ટ્રાયલ અદાલતનું તારણ યોગ્ય છે. વધુમાં જયારે ડોકયુમેન્ટરી એવીડન્સમાં અને તેની સામે મૌખિક પુરાવો હોય તો એકજ બાબતે લેખિત પુરાવો અને જે ખાસ કરીને બેન્કનો હોય તો તે મૌખિક પુરાવા ઉપર પ્રિવેલ થાય છે કારણ કે, મૌખિક પુરાવો માણસની યાદદાસ્ત, ગ્રહણ શકિત વગેરે બાબતો ઉપર આધાર રાખતો હોય છે. જયારે લેખિત પુરાવો જે હોય તેજ સ્વરુપમાં બોલે છે અને તે સંજોગોમાં આરોપી તરફેની દલીલ ટકવા પાત્ર નથી.

૧૬.૮ વધુમાં, આરોપી તરફે દલીલ છે કે, ઈન્કમટેક્ષમાં આ રકમ બતાવેલ નથી પરંતુ ઈન્કમટેક્ષમાં ન બતાવવાથી વ્યવહાર થયેલ નથી તે હકીકત સાબીત થતી નથી

પરંતુ ઈન્કમટેક્ષ મુજબ જે પગલા લેવાના હોય તે જે તે ઓથોરીટી લેતી હોય છે તેથી ઉપરોકત દલીલ પણ ટકવા પાત્ર નથી.

૧૬.૯ વધુમાં, ફરીયાદીએ સ્વીકારેલ છે કે, તેઓ કારખાનામાં નોકરી કરી રુા. ૧૫ હજાર કમાય છે પરંતુ આંક–૨૬ નું બેન્ક સ્ટેટમેન્ટ જોતા આ ફરીયાદીની સધ્ધરતા રેકર્ડ ઉપર છતી થાય છે.

૧૬.૧૦ આમ, ટ્રાયલ અદાલતે ચેક લક્ષમાં લઈ અને આ ચેક ફ્રોડથી કે બળજબરીથી આરોપી પાસેથી લઈ લેવામાં આવેલ છે તેવો કોઈ બચાવ ટ્રાયલ અદાલતમાં આરોપીનો સાબીત થયેલ નથી તે સંજોગોમાં જે અનુમાન એન.આઈ.એકટની કલમ–૧૩૯ મુજબ આરોપી વિરુધ્ધમાં કરેલ છે અને આ અનુમાનનું ખંડન આરોપી પક્ષ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના ધોરણે કરી શકેલ નથી તે સંજોગોમાં ટ્રાયલ અદાલતે જે ચુકાદો આપેલ છે તે ચુકાદો હકીકત અને કાયદાની દૃષ્ટિએ યોગ્ય છે અને તેમાં કોઈ હસ્તક્ષેપ કરવો જરૂરી નથી તે સંજોગોમાં મુદા નં. ૭.૧ અને ૭.૨ નો નિર્ણય નકારમાં આપી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

–: <u>હુકમ</u> :–

(૧) આરોપીને એન.આઈ. એકટની કલમ–૧૩૮ માં સજા ફરમાવતો હુકમ કાયમ રાખવામાં આવે છે.

હુકમ:– આજરોજ તારીખ–૨૦મી, માહે. જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૦/૦૬/૨૦૨૬
સ્થળ : જુનાગઢ

(ભુપેન્દ્રકુમાર જી. દવે)
સેશન્સ જજ,
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, જુનાગઢ.
(કોડ નં. જી.જે૦૦૪૬૯)

સજા અંગે સાંભળવા માટે મુલત્વી.

સજા અંગે સાંભળ્યા.

(૧) ફરીયાદી તથા આરોપી તરફે તેઓ વચ્ચે સમાધાન રજુ કરવામાં આવેલ છે અને તે મુજબ રુા. ૨,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા બે લાખ પુરા) રોકડા ફરીયાદીને આપેલ છે અને તે મુજબનું સમાધાન આંક-૧૫ થી રજુ થયેલ છે અને જે સમાધાન ફરીયાદીએ તેમના વિ. વકીલ શ્રી કે.જે.ગોસ્વામીની હાજરીમાં સ્વેચ્છાએ સ્વીકારેલ છે.

(૨) એન.આઈ.એકટની કલમ-૧૩૮ મુજબ બે વર્ષ સુધીની સજા અથવા દંડ જે ચેકની રકમથી ડબલ રકમનો અથવા સજા અને દંડ બંને કરી શકે છે.

(૩) હાલના કેસમાં ચેક એમાઉન્ટ રુા. ૨,૦૦,૦૦૦/- છે અને તે રકમ માટે સમાધાન થઈ ગયેલ છે અને એન.આઈ.એકટની કલમ-૧૪૭ મુજબ આ ગુનો કંમ્પાઉન્ડેબલ બનાવેલ છે પરંતુ આ સમાધાન આરોપીને કસુરવાન ઠેરવ્યા બાદ સજા સાંભળવાના તબકકે થયેલ છે જે સમાધાન આંક-૧૫ અને ૧૬ થી રજુ છે. જેથી હવે અદાલત આ ગુનો કંમ્પાઉન્ડ ન કરી શકે પરંતુ જયારે બંને પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ છે અને એન.આઈ. એકટમાં અદાલત બે વર્ષની સજા અથવા દંડ બંનેમાંથી એક અથવા સજા અને દંડ બંને કરી શકે છે. આમ, ભલે સજા સાંભળવાના તબકકે સમાધાન થયેલ છે તેમ છતા **આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા. ૨,૫૦૦/- (અંકે રૂપીયા બે હજાર પાંચસો પુરા) નો દંડ** ફરમાવવામાં આવે તો ન્યાયીક જણાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-: <u>હુ ક મ</u> :-

(૧) વિવાદી/આરોપીની અપીલ **નામંજુર** કરવામાં આવે છે.

(૨) જુનાગઢના વિઘ્વાન પાંચમાં જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ફ.ક.શ્રી નાઓએ **ક્રિમીનલ કેસ નં.૪૨૦૫/૨૦૨૪** માં હુકમ કરેલ છે કે, ''આ કામના આરોપી જયસુખભાઇ મનજીભાઈ કાચા ને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ ૧૩૮ મુજબના ગુના સબબ એક વર્ષ ની સાદી કેદ ની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામના આરોપીને આંક ૧૬ ના ચેક ની રકમ રૂ. ૨,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પૂરા નો દંડ કરવામાં આવે છે અને તે દંડ ની રકમ ફરિયાદીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૩૯૫(૧)(ખ) મુજબ, વળતર પેટે ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ની રકમ

ચૂકવવામાં નિષ્ફળ જાય તો આરોપીને વધુ ૨ (બે) માસ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે. આ કામે આરોપીએ જો કોઈ કેદ ની સજા ભોગવેલ હોય તો તે મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.''

તે હુકમ રેકર્ડ ઉપરના સંજોગો જોતા તેમાં આરોપીને ફકત **કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો** હુકમ કરવામાં આવે છે તથા **રૂા. ૨,૫૦૦/- (અંકે રૂપીયા બે હજાર પાંચસો પુરા)** નો દંડ કરવામાં આવે છે અને દંડ ન ભરે તો દિન-૭ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. બાકીનો આદેશ ટ્રાયલ અદાલતનો જે કેદ અને દંડ અંગેનો છે અને દંડમાંથી વળતર ચુકવવાનો છે તે રદ કરવામાં આવે છે.

(૩) આ હુકમની જાણ ટ્રાયલ અદાલતને કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આર. એન્ડ પી. નીચેની અદાલતને મોકલી આપવું.

(૫) આ હુકમની એક નકલ વિનામૂલ્યે આરોપીને તાત્કાલિક પુરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમઃ- આજરોજ તારીખ-૨૦મી, માહે. જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૦/૦૬/૨૦૨૬
સ્થળ : જુનાગઢ

(ભુપેન્દ્રકુમાર જી. દવે)
સેશન્સ જજ,
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, જુનાગઢ.
(કોડ નં. જી.જે૦૦૪૬૯)